<u>નવલિકામાં સમય સંકલના</u>

ટૂંકીવાર્તામાં જે કાઈ બને છે તે અમુક સ્થળ, સમય કે પરિસ્થિતિમાં બને છે. અને તે માનવીય કાર્યોની આસપાસ અનિવાર્ય રીતે વીંટળાતું હોય છે. એટલે કે, માણસ અને તેની ક્રિયાઓ વાર્તામાં મુખ્ય હોય છે અને વાતાવરણ, સ્થળ તેને અનુરૂપ થઈને આવતા ઘટકતત્વો છે.

<u>૧) વાતાવરણ(સમય) વાર્તાનું પોષક બળ છે:-</u>

અન્ય ઘટકતત્વોની જેમ વાર્તામાં સ્થળકાળ પણ મહત્વનો ભાગ ભજવે છે. કેટલીક વાર્તાઓમાં તો સમય જ સ્પષ્ટ મુખ્ય ચાલકબળ બને છે.

જેમકે, ધૂમકેતુની વાર્તા 'પોસ્ટ ઓફીસ'માં વાર્તાનો આરમ્ભ શિયાળની પાછલી રાતના વર્ણનથી થાય છે. એમાં લેખકે જે વિગતો આપી છે તેનાથી ઉદાસી, નિરાશાનું, નિષ્ફળતાનું વાતાવરણ રચાય છે.

"પાછલી રાત્રિનું ભૂરું આકાશ, માનવ જીવનમાં અનેક સુખદ યાદગીરી ચમકી રહે તેમ, નાના મોટા તારાઓથી ચમકી રહ્યું હતું... શિયાળાની ઠંડીથી રાત્રિ વધારે ગાઢ બનતી હતી. કહે નહિ છતાં કતલ કરી નાખે એવા મીઠા મનુષ્યના સ્વભાવ જેવી શિયાળાની ઠંડી કાતિલ હથિયારની માફક પોતાનો કાબુ સર્વત્ર ફેલાવી રહી હતી..."

કોઈક સુખાંત વાર્તાની રચના લેખકને કરવી હોત તો કદાચ તે આ મુજબનું વાતાવરણ અને સમય ઉપયોગમાં ન લેત.

<u>૨). સ્થળ-સમયના વર્ણન લેખક પોતે કરે છે અથવા પાત્રના મુખે કરાવે છે:-</u>

ટૂંકીવાર્તામાં સ્થળ-કાળ અને ભૌતિક પરિસ્થિતિના સંદર્ભમાં લેખક બે ઉપાયો યોજે છે.

૧)વાતાવરણ, સ્થળકાળનું વર્ણન લેખક પોતે કરે છે.

૨) વાતાવરણ, સ્થળકાળનું વર્ણન પાત્રના મુખે કરાવે છે.

પહેલા મુદ્દાનું ઉદાહરણ જોઈએ,

દ્વિરેફની 'મુકુન્દરાય'ના આરંભમાં ગામડાના પાદરનું વર્ણન.

“રાવૈયા ગામમાં સવારના નવદસ વાગ્યે પાદરે વડલા હેઠળ ગામનાં ઢોર ભેગાં થયેલાં છે. વડનો છાંયો ફરે અને તડકો પડે તેથી તપીને કોઈ ઢોર માંડમાંડ ઊઠી પાછું છાંયે જાય તે સિવાય ઢોર પણ નિસ્તબ્ધ થઈ ગોવાળની રાહ જોતાં બેઠાં છે. નજીક તળાવની પાળ ઉપર એક નાની પણ સુંદર પુરાતન દેરી છે. આ દેરી, ત્યાંથી જડેલ પ્રાચીન વલભીના શીલાલેખથી અત્યારે તો ઘણી જ પ્રસિદ્ધ થઈ ગઈ છે.”

વાર્તાકાર વાતાવરણ, સ્થળકાળનું વર્ણન પાત્રના મુખે કરાવે છે તે મુજબનું ઉદાહરણ જોઈએ તો; સુન્દરમ્ વાર્તા ‘માને ખોળે’ પાત્રના મુખે થયેલ,

“ગળામાં તેને સોસ પડવો શરૂ થયો. તેણે પગમાં જોડીઓ પહેરી લીધી. જોડીઓમાં રેતી ભરાઈ જવા લાગી. તે ઘડીક થોભી. સૂરજના ઝળહળતા તાપમાં તેની આંખો ઘડીક મીંચાઈ ગઈ. તેણે આંખો ઉઘાડીને જોયું તો ચારેકોર ઝાંઝવાં જ ઝાંઝવાં જ દેખાય છે. નદી પણ ઝાંઝવાં ભેગી ભળી ગઈ છે.”

ઉમાશંકરની ‘શ્રાવણી મેળો’માં ઇડર પ્રદેશમાં શ્રાવણ માસમાં ભરાતા મેળાનું વાતાવરણ. ધૂમકેતુની ‘રાજપૂતાણી’માં મધ્યકાળનું ઐતિહાસિક વાતાવરણ તો ચંદ્રકાન્ત બક્ષીની વાર્તાઓમાં કલકત્તાનું વાતાવરણ. જેવા ઉદાહરણો થકી સમજાય.

<u>૩) પ્રાદેશિક સ્થળ-સમય માટે તળભૂમિનો પરિચય જરૂરી:-</u>

ટૂંકીવાર્તામાં પ્રાદેશિક, ગ્રામજીવનના રંગો ભરવા માટે લેખક માત્ર લોકબોલીનો જાણકાર હોય તે પૂરતું નથી. તેનું કાર્ય બોલી-આલેખનનું નથી. પણ વાર્તાને અનુરૂપ યોજવાના થતા ગ્રામજીવનના સમયે સમયે ઉજવાતા પર્વ, પ્રસંગો, રીતરિવાજ અને રૂઢિગત માન્યતાઓની જાણકારી પણ ખુબ જ જરૂરી બને છે. વાર્તાને રસપ્રદ બનાવવા માટે પણ બોલી, સ્થળ, પ્રદેશની વિગતો, વિશિષ્ટતાઓ, લાક્ષણિકતાઓ અને વિચિત્રતાઓને પણ યોગ્ય સમયે વાર્તામાં પ્રયોજવાથી વાર્તાની કલા નીખરી ઉઠે છે.

<u>૪) સ્થળ-કાળના નિરૂપણમાં સાવધાની જરૂરી છે:-</u>

ટૂંકીવાર્તાનો સર્જક વાર્તામાં ઘટનાના સર્જન માટે કોઈ વ્યક્તિ, સમાજ, સંઘર્ષોનો આશરો લે છે. તે પત્રને અનુરૂપ ભાષા, વાતાવરણ, પરિવેશનું નિર્માણ કરે છે. તેના માટે તે ગામડું, શહેર, પ્રકૃતિ, દરિયો, પહાડ વગેરે સ્થળના પૌરાણિક, ઐતિહાસિક, વર્તમાન કે ભવિષ્ય સમયના વર્ણન કરે છે. અને તેને અનુરૂપ ભાષા બોલીનો ઉપયોગ કરે છે. પાત્રને યોગ્ય વસ્ત્રો ફેરવે છે. પરંતુ વાર્તા લાઘવની કલા છે માટે આ બધી સામગ્રીનો અતિરેક ન થઈ જાય તે માટે તેણે વિચારીને આગળ વધવું પડે છે.